**ફોજદારી પરચુરણ અરજી નં. ૩૧૨/૨૦૨૬**

સત્યમેવ જયતે

**-: અરજદાર રસિકભાઈ નટુભાઈ નિનામાનાઓની મુદ્દામાલ પરત મેળવવાની આંક-૦૧ ની અરજી લગત હુકમ :-**

(૧) અરજદારની સદર અરજી વંચાણે લીધી. અરજદાર તરફે રજૂ થયેલ દસ્તાવેજો ધ્યાને લીધા. અરજદાર તરફે વિ.વ.શ્રી બી.વી.ચૌહાણનાઓને તથા સામાવાળા શ્રી સરકાર તરફે વિ.એ.પી.પી.શ્રી આર.સી.સોલંકીનાઓને સાંભળ્યા તથા હાલની અરજી અંગે તપાસના તમામ કાગળો જેવા કે પંચનામું તથા મુદામાલ પાવતી તથા પોલીસ અભિપ્રાય વંચાણે લીધેલ.

(૨) હાલની અરજી અરજદાર તરફે ભારતીય નાગરીક સુરક્ષા સંહીતાની કલમ-૪૯૭ અન્વયે પોતાની માલીકી/કબ્જા ભોગવટાનો **મુદ્ધામાલ વાહન હોન્ડા બાઇક જેનો રજી. નં. જી.જે.-૩૧-એ.ડી.-૫૦૬૪, ચેચીસ નં.-ME4JC94EFSG254298, અને એન્જીન નં.-JC94EG3437994** કે જે ટીંટોઇ પો.સ્ટે.ગુ.ર.નં.-૧૧૧૮૮૦૧૩૨૬૦૪૦૫/૨૦૨૬, **પ્રોહી. એકટની કલમ-૬૫(એ)(એ)** મુજબના કામે કબજે કરાયેલ છે તે પરત મેળવવા સારુ દાખલ કરેલ છે.

(૩) અરજદાર તરફે રજુઆત છે કે, પોલીસે સદર ગુન્હામાં હાલનો જે મુદ્દામાલ કબ્જે કરેલ છે તે તેઓની માલીકી/કબ્જા ભોગવટાનો છે. તપાસમાં કોઈ વાંધાજનક હકીકત રેકર્ડ ઉપર આવેલ નથી. સદરહુ મુદ્દામાલ વાહન તેઓના રોજ બરોજનું વપરાશનુ તેમજ રોજીરોટીનુ સાધન છે. સદર મુદ્દામાલ લાંબા સમય સુધી પોલીસ સ્ટેશનમાં પડી રહે તો તેને નુકશાન થાય તેમ છે, સદર મુદ્દામાલની સાચવણી અંગે પોલીસ સ્ટેશનમાં કોઈ અલાયદી વ્યવસ્થા ન હોય બગડી જવાનો સંભવ છે, તેથી તેઓને આર્થિક નુકસાન જવાની સંભાવના છે તેમજ મુદ્દામાલ હાલના અરજદારની માલિકીનુ નથી, તેવો કોઈ પુરાવો તપાસ કરનાર અમલદાર તરફથી રજુ થયેલ નથી કે મુદ્દામાલ અંગે અન્ય કોઈ વ્યકિતનો કલેઈમ પણ નથી. તેથી મુદ્દામાલ તેઓને વચગાળાની કસ્ટડીથી શરતોને આધીન પરત સોંપવા રજુઆત કરેલ છે. વધુમાં અરજદારે જણાવેલ છે કે, નામદાર કોર્ટ ફરમાવે, તેવી તમામ શરતોનુ પાલન કરવા તેમજ જામીન રજુ કરવા તેઓ તૈયાર છે. વધુમાં અરજદાર તરફે અરજીના સમર્થનમાં **મુદ્દામાલ વાહનની માલિકી દર્શાવતી આ કામે આર.સી.બુકની નકલ રજૂ કરેલ છે.** તે જોતા સદરહુ મુદ્દામાલના માલિક/કબ્જેદાર હાલના

અરજદાર છે, જેથી મુદ્દામાલ પરત સોંપવા અરજ ગુજારેલ છે.

(૪) સદર કામે તપાસ કરનાર અમલદાર તરફે મુદ્દામાલ પરત નહીં સોંપવા અભિપ્રાય આપેલ છે તથા સરકાર તરફે વિ. એ.પી.પી.શ્રી એ હાલની અરજી અન્વયે પોતાનો શેરો કરીને રજૂઆત કરેલ છે કે,''મહે.સાહેબશ્રી ત.ક.અ.એ મુદ્દામાલ પરત નહી સોંપવા સ્પષ્ટ અભિપ્રાય આપેલ છે. જે ધ્યાને લઈને અરજી નામંજૂર કરવા મે. થશો.

(૫) સદર કામે ટીંટોઈ પોલીસ સ્ટેશન તરફથી રજૂ થયેલ અભિપ્રાય વંચાણે લેતાં, સદર મુદ્દામાલ આરોપીને પરત સોંપવામાં આવે તો ફરીથી આવા પ્રકારના ગુનાના કામે ઉપયોગ કરી શકે તેથી મુદ્દામાલ વાહન પરત ન સોંપવા અભિપ્રાય આપેલ છે.

(૬) હાલની અરજીનો નિર્ણય કરતાં પહેલાં નામ. સર્વોચ્ચ અદાલતના **KHENGARBHAI LAKHABHAI DAMBHALA VERSUS THE STATE OF GUJARAT, (2024 INSC 285) GUJARAT** ચુકાદામાં ધી ગુજરાત પ્રોહી. એક્ટ કલમ-૯૮(૨) બાબતે જે અવલોકન કરવામાં આવેલ છે તેને આ તબક્કે ધ્યાને લેવાં જરૂરી છે. જે નીચે મુજબ છે.

" 4. At the outset, it may be noted that Chapter XXXIV of Cr.P.C deals with the disposal of the property. Section 451 thereof pertains to the order to be passed by the Criminal Court for custody and disposal of the property produced before the court pending an inquiry or trial, whereas Section 452 pertains to the order to be passed for the disposal or confiscation of the property at the conclusion of the trial.

Section 451 reads as under: -

**"451. Order for custody and disposal of property pending trial in certain cases.**—

When any property is produced before any Criminal Court during any inquiry or trial, the Court may make such order as it thinks fit for the proper custody of such property pending the conclusion of the inquiry or trial, and, if the property is subject to speedy and natural decay, or if it is otherwise expedient so to do, the Court may, after recording such evidence as it thinks necessary, order it to be sold or otherwise disposed of.

Explanation. —For the purposes of this section, "property" includes—

(a) property of any kind or document which is produced before the Court or which is in its custody;
(b) any property regarding which an offence appears to have been committed or which appears to have been used for the commission of any offence.”

5. From the bare reading of the aforesaid provision, it clearly transpires that when any property is produced before any criminal court during the course of inquiry or trial, the Court is required to make such order as it thinks fit for the proper custody of such property pending the conclusion of the inquiry or the trial. If the property is subject to speedy and natural decay, or if it is otherwise expedient so to do, the Court may after recording such evidence as it thinks necessary, order it to be sold or otherwise disposed of. **Thus, it is the criminal court, before whom the property in question is sought to be produced, would have the jurisdiction and the power to pass appropriate orders for the proper custody of such property or for selling or disposing of such property, having regard to the nature of the property in question, after recording the evidence in that regard.**

6. In the instant case, the appellant without approaching the concerned court under Section 451, Cr.P.C, directly approached the High Court by filing Special Criminal Application under Article 226/227 of the Constitution of India, which could not be said to be the proper course of action for getting the custody of the property i.e. the vehicle in question in this case. When there is a specific statutory provision contained in the Cr.P.C. empowering the criminal court to pass appropriate order for the proper custody and disposal of the property pending the inquiry or trial, the appellant could not have invoked the extraordinary jurisdiction of the High Court under Article 226 of the Constitution of India seeking release of his vehicle.

7. **The respondent State has also raised the contention that Section 98(2) of the said Act puts an embargo against release of the vehicle till the final judgement of the court if the quantity of seized liquor is more than the prescribed quantity.** Since, such contention is often raised, we deem it necessary to deal with the provisions contained in Section 98 of the Act also. Section 98 reads as under: -

“98. Things liable to confiscation-
(1) Whenever any offence punishable under this Act has been committed,
(a) any intoxicant, hemp, mhowra flowers, molasses, materials, still, utensil, implement or apparatus in respect of which the offence has been committed,
(b) where, in the case of an offence involving illegal possession, the offender has in his lawful possession any intoxicant, hemp, mhowra flowers or molasses other than those in respect of which an offence under this Act has been committed, the entire stock of such intoxicant, hemp, mhowra flowers, or molasses,
(c) where, in the case of an offence of illegal import, export or transport, the offender has attempted to import, export or transport any intoxicant, hemp, mhowra flowers or molasses, in contravention of the provisions of this Act, rule, regulation or order or in breach of a condition of a licence, permit, pass or
authorization, the whole quantity of such intoxicant, hemp, mhowra flowers or molasses which he has attempted to import, export or transport,
(d) where, in the case of an offence of illegal sale, the offender has in his lawful possession any intoxicant, hemp, mhowra flowers or molasses other than that in respect of which an offence has been committed, the whole of such other intoxicant, hemp, mhowra flowers or molasses, shall be confiscated by the order of the Court.

(2) Any receptacle, package or covering in which any of the articles liable to confiscation under sub-section (1) is found and the other contents of such receptacle, package or covering and the animals, carts, vessels or other conveyances used in, carrying any such article shall likewise be liable to confiscation by the order of the Court. [ but it shall not be released on bond or surety till the final judgement of the Court where the quantity of the seized liquor is exceeding the quantity as may be prescribed by the rules.]”

8. Sub-section (1) of Section 98 deals with the articles liable to confiscation, whenever any offence punishable under the Act has been committed. However, sub-section (2) of Section 98 is in two parts. The first part upto the conjunctive word “but”, states about the confiscation of the articles like receptacle, package or covering and about the confiscation of the animals, carts, vessels or any other

conveyances used in carrying any such article, and the second part starting with the conjunctive word "but" is perceived to be an embargo against release of the conveyance used for carrying the article liable to be confiscated if the quantity of the seized liquor carried in such conveyance is more than the prescribed quantity, till the final judgment of the court. It may be noted that the second part of subsection (2) of Section 98 was incorporated by the Gujarat Act 29 of 2011. **However, in our opinion, this incorporation of the second part by amendment in 2011 is not very happily worded, and therefore, it is seen as an embargo.**

9. When the conjunction "but" is used in a provision, after the punctuation mark "comma", it is deemed that such conjunction is used to carve out an exception or proviso to the main provision. Meaning thereby, when the entire provision is divided into two parts by using the punctuation mark "comma" followed by the conjunctive word "but", the second part is required to be construed as an exception or proviso to the first part. However, so far as sub-section (2) of Section 98 is concerned though it is in two parts connected with the conjunctive word "but", there is hardly any co-relation between the first part and the second part thereof. It is difficult to comprehend the second part of sub-section (2) as an exception or proviso to the first part thereof. **Since it is not happily worded, applying the doctrine of harmonious construction, we will have to harmonise the provisions contained therein with the other provisions of the Act and with the provisions contained in the Cr.P.C.**

10. It is pertinent to note that the words "confiscation" or "seizure" are not defined either in the said Act or in the Cr.P.C. As per the Black's Law Dictionary in the 11th Edition, the word "confiscation" means seizure of property for the public treasury or seizure of property by actual or supposed authority, and the word "seizure" means an act or an instance of taking possession of a person or property by legal right or process. Having regard to the said meanings, it is clear that "seizure" would be a preliminary step that would lead to confiscation of an article seized. The power to seize an article may be exercised by the statutory authorities like police personnel, prohibition officers, revenue authorities etc. in accordance with the concerned Statutes, whereas the power of confiscation is normally exercised by the jurisdictional Courts in

accordance with the provisions of the concerned Statutes.

11. Coming back to the Gujarat Prohibition Act, provisions with regard to the articles liable to be confiscated and the powers of the court to confiscate such articles have been incorporated in Section 98, whereas the powers of the authorised Prohibition Officer or police officer to arrest the offender and seize the contraband articles are contained in Section 123, followed by other provisions with regard to the procedure to be followed after the seizure of the articles as contained in Section 132 of the said act.

12. Section 132 reads as under : -
**“132. Article seized -** [When anything has been seized, under the provisions of this Act by a Prohibition Officer exercising powers under section 129 or by an Officer in-charge of a Police Station], or has been sent to him in accordance with the provisions of this Act, such officer, after such inquiry as may be deemed necessary,—
**(a) if it appears that such thing is required as evidence in the case of any person arrested, shall forward it to the Magistrate to whom such person is forwarded or for his appearance before whom bail has been taken,**
(b) if it appears that such thing is liable to confiscation but is not required as evidence as aforesaid, shall send it with a full report of the particulars of seizure to the Collector,
(c) if no offence appears to have been committed shall return it to the person from whose possession it was taken.”

13. As could be seen from the bare reading of Section 132, the authorised Prohibition Officer or the officer in charge of Police Station may after such inquiry as may be necessary either **(a) forward the article seized to the jurisdictional Magistrate where the person arrested is forwarded, if it appears to him that such seized article is required as an evidence**; or (b) send the seized article to the collector with the full report, if it appears to him that such seized article is liable to confiscation but is not required as an evidence; or (c) return such seized article to the person from whose possession it was taken, if no offence appears to have been committed.

14. Thus, on the conjoint reading of the provisions

contained in Section 98 and 132 of the said Act and of Section 451 Cr.PC, it is discernible that all these provisions operate in different fields. Section 98 deals with the Confiscation of the Articles whenever any offence punishable under the Act has been committed. The second part of sub-section (2) thereof would come into play when the Prohibition Officer or Police Officer sends the seized article liable to be confiscated but not required as an evidence, to the Collector as per Clause (b) of Section 132. **However, Section 451 of the Cr.P.C. would come into play when the article property seized during the course of inquiry or investigation is produced before the jurisdictional Court as per Clause (a) of Section 132 and the Court is called upon to pass appropriate orders for the proper custody of such article/property pending the conclusion of the inquiry or the trial.**

15. So far as the facts of this case are concerned, the vehicle in question appears to have been seized as it was allegedly carrying a huge quantity of liquor exceeding the prescribed quantity. However, there is nothing on record to suggest as to whether the said vehicle was sought to be produced before the concerned court so as to invoke Section 451 of Cr.P.C or whether such vehicle was forwarded by the police officer to the concerned Magistrate as contemplated in Clause (a) of Section 132 of the said Act. In absence of any such factual material placed on record, it is difficult to release the vehicle in question in favour of the appellant.

16. It is true that when the property/vehicle is seized during the course of investigation and the same is produced before the concerned Criminal Court, it is incumbent on the part of the concerned Court to pass appropriate orders for keeping the vehicle in proper custody pending the trial. **It is also true that as held by this Court in the case of Sunderbhai Ambalal Desai vs. State of Gujarat1, it is of no use to keep the seized vehicles at the police stations for a long period and it is for the magistrate to pass appropriate orders for the proper custody of the said such vehicles during the pendency of the trial.** However, as observed earlier, the appellant without approaching the concerned criminal court under Section 451 of the Cr.P.C seeking custody of the vehicle in question, directly approached the High Court by filing

Special Criminal Application under Article 226/227 of the Constitution of India, which was not the proper course as adopted by the appellant."

(૭) આમ, ઉપરોક્ત ચુકાદામાં નામ. સર્વોચ્ચ અદાલતે ધી ગુજરાત પ્રોહી. એકટની કલમ-૯૮(૨) અંગે એવુ અવલોકન કરેલ છે કે, સને-૨૦૧૧ના સુધારા મુજબ કલમ- ૯૮ માં જે સેકન્ડ પાર્ટનો સમાવેશ કરવામાં આવેલ તે યોગ્ય રીતે શબ્દબદ્ધ કરવામાં આવેલ નથી. જેથી તેને પ્રતિબંધ તરીકે જોવામાં આવેલ છે. વધુમાં, નામ. સર્વોચ્ચ અદાલતે એવુ પણ અવલોકન કરેલ છે કે આમ, જયારે કલમ-૯૮(૨) ના સેકન્ડ પાર્ટ શબ્દોમાં યોગ્ય રીતે શબ્દબદ્ધ કરવામાં આવેલ ન હોય ત્યારે કલમ-૯૮(૨) સાથે ગુજરાત પ્રોહી. એકટના કાયદામાં સમાવિષ્ટ અન્ય જોગવાઇ અને સી.આર.પી.સી. માં સમાવિષ્ટ જોગવાઇઓ સાથે વાંચીને, કલમ-૯૮(૨) નુ સરળ રીતે અર્થઘટન કરવાનુ અવલોકન કરવામાં આવેલ છે. વધુમાં, નામ. સર્વોચ્ચ અદાલતે સદરહુ ચુકાદાના પેરેગ્રાફ નં.૧૨ માં ધી ગુજરાત પ્રોહી. એકટની કલમ-૧૩૨ તથા સીઆર.પી.સી. ની કલમ-૪૫૧ બાબતે પણ એવુ અવલોકન કરેલ છે કે, ધી ગુજરાત પ્રોહી. એકટની કલમ-૧૩૨(એ) મુજબ અધિકૃત પ્રોહીબીશન ઓફીસર અથવા પોલીસ સ્ટેશના ઓફીસર ઈન્ચાર્જ નાઓએ યોગ્ય ઈન્કવાયરી કર્યા બાદ જે આર્ટીકલ કબજે કરવામાં આવેલ છે તે આર્ટીકલને એવા હકુમત ધરાવતા મેજીસ્ટ્રેને મોકલવાનો છે કે જે મેજીસ્ટ્રેટ સમક્ષ આરોપીને પકડીને રજુ કરવામાં આવેલ હોય અને તે આર્ટીકલની પુરાવા વખતે જરૂરીયાત હોય. આમ, સીઆર.પી.સી. કલમ-૪૫૧ એવા સમયે અમલમાં આવશે કે જયારે કલમ-૧૩૨(એ) મુજબ ઈન્કવાયરી કે તપાસ દરમ્યાન પ્રોપર્ટીને કબજે લેવામાં આવેલ હોય અને હકુમત ધરાવતા મેજીસ્ટ્રેટ સમક્ષ રજુ કરવામાં આવેલ હોય. જેથી આ સંજોગોમાં કબજે કરવામાં આવેલ આર્ટીકલ/પ્રોપર્ટીની કસ્ટડી સોંપવા બાબતે ઈન્કવાયરી કે ટ્રાયલ પેન્ડીગ હોય અને તે પૂર્ણ થાય ત્યાં સુધી વચગાળાનો યોગ્ય હુકમ કરી શકે છે.

(૮) વધુમાં નામ. સર્વોચ્ચ અદાલતે એવુ પણ ઠરાવેલ છે કે ધી ગુજરાત પ્રોહી. એકટની કલમ-૯૮(૨) નો સેકન્ડ પાર્ટ ત્યારે જ અમલમાં આવશે કે જ્યારે ધી ગુજરાત પ્રોહી. એકટની કલમ-૧૩૨(બી) મુજબ પ્રતિબંધિત અધિકારી કે પોલીસ અધિકારીએ જપ્ત થવા પાત્ર આર્ટીકલ કબજે કરેલ હોય અને તે આર્ટીકલની પુરાવા તરીકે જરૂર ન હોય અને તે અંગેનો કલેકટરને રીપોર્ટ કરેલ હોય. આ કામે ત.ક.અમલદારે રજૂ કરેલ અભિપ્રાય ધ્યાને લેતાં તેમજ સમગ્ર રેકર્ડ ધ્યાને લેતાં એવી કોઇ હકીકત રેકર્ડ ઉપર આવેલ નથી કે ધી પ્રોહી. ગુજરાત એકટની કલમ-૧૩૨(બી) મુજબની કોઇ કાર્યવાહી ત.ક.અ. કરેલ હોય કે કરવાના હોય જેથી, આ સંજોગોમાં ત.ક. અમલદાર દ્વારા કબજે કરવામાં આવેલ મુદ્દામાલ વાહનને છોડવા બાબતે ધી ગુજરાત પ્રોહી. એકટની કલમ-૯૮(૨) નો બાધ નડશે નહી તેવું અત્રેની અદાલતનુ નમ્રપણે માનવુ છે.આમ, હવે હાથ ઉપરના કેસની વાત કરવામાં આવેતો હાલના અરજદારે જ વાહનની માંગણી કરેલ છે તે વાહનને તપાસ દરમ્યાન કબજે કરવામાં આવેલ છે અને સંબંધીત મેજીસ્ટ્રેટ એટલે કે, અત્રેની અદાલત સમક્ષ મુદ્દામાલ પાવતીમાં જણાવ્યા મુજબ અને પંચનામાની

વિગતે કબ્જે કરવામાં આવેલ છે.વધુમાં ઉપરોક્ત જણાવેલ નામ. સર્વોચ્ચ અદાલતના ચુકાદાના પૅરેગ્રાફ નં.૧૬ માં નામ. સર્વોચ્ચ અદાલતના સુંદરલાલ અંબાલાલ દેસાઈ વિ. સ્ટેટટે ઓફ ગુજરાત,(૨૦૦૨) ૧૦ એસ.સી.સી. પાન નં.૨૮૩ ઉપર પ્રસિધ્ધ ચુકાદાને રીફર કરી એવુ ઠરાવેલ છે કે, તપાસ દરમ્યાન કબ્જે કરવામાં આવેલ વાહનને પોલીસ સ્ટેશનમાં લાંબો સમય મુકી રાખવાથી કોઇ ફાયદો થવાનો નથી. જેથી મેજીસ્ટ્રેટે પેન્ડીંગ ટ્રાયલ દરમ્યાન વાહનની વચગાળાની કસ્ટડી સોંપવાનો યોગ્ય હુકમ કરી શકે છે.આમ, આ કામે રેકર્ડ ધ્યાને લેવામાં આવેતો અરજીમાં જણાવેલ મુદ્દામાલ વાહનની આર.સી. બુક જોવામાં આવે તો હાલના અરજદારનું નામ જણાઈ આવે છે. આમ, અરજીમાં જણાવેલ વાહનનો કબજો મેળવવા હાલના અરજદાર હક્કદાર હોવાનુ પ્રાથમિક તબક્કે જણાઈ આવે છે અને અરજદાર સિવાય બીજા કોઈનો કલેઈમ નથી. વધુમાં અરજીમાં જણાવેલ મુદ્દામાલ વાહન વધુ સમય પોલીસ સ્ટેશનમાં પડી રહેવાથી બગડી જાય અને નુકશાન થાય તેમ જણાઈ આવે છે. વધુમાં, આ અરજી નીચેનો હુકમ વચગાળાનો હુકમ છે અને સંજોગો બદલાય તો આ હુકમમાં ફેરફારની શકયતા રહેલ છે. આમ, નામ. સુપ્રીમ કોર્ટના સુંદરલાલ અંબાલાલ દેસાઈ વિ. સ્ટેટટે ઓફ ગુજરાત(ઉપરોક્ત) ચુકાદાને વંચાણે લેતાં, કાયદામાં પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંત મુજબ, મુદામાલ તેના ખરા અને સાચા માલિકને શરતોને આધીન જરૂરી બોન્ડ લઈને વચગાળાની કસ્ટડી સ્વરૂપે પરત સોંપવામાં આવેતો ન્યાયનો હેતુ જળવાશે તેવું નમ્રપણે માનું છું. ઉપરોક્ત તમામ હકીકતો ધ્યાને લઈ મુદામાલ વાહન હાલના અરજદારને શરતોને આધીન વચગાળાની કસ્ટડીએ સોંપવા યોગ્ય અને વ્યાજબી જણાઈ આવતું હોઈ, ન્યાયના હિતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

## -: હુ ક મ :-

(૧) અરજદારની અરજી નીચેની શરતોને આધીન "**અંશત:મંજુર**" કરવામાં આવે છે.

(૨) અરજદારે મુદામાલ પાવતીની કિંમતના દોઢી રકમના સધ્ધર જામીન તથા તેટલી જ રકમનો જાત મુચરકો સબંધીત પોલીસ સ્ટેશનના જવાબદાર અધિકારી સમક્ષ રજુ કર્યેથી **મુદ્દામાલ વાહન હોન્ડા બાઈક જેનો રજી. નં. જી.જે.-૩૧-એ.ડી.-૫૦૬૪, ચેચીસ નં.-ME4JC94EFSG254298, અને એન્જીન નં.-JC94EG3437994** કે જે ટીંટોઇ પો.સ્ટે.ગુ.ર.નં.-

૧૧૧૮૮૦૧૩૨૬૦૪૦૫/૨૦૨૬, **પ્રોહી. એકટની કલમ–૬૫(એ)(એ)** મુજબના કામે કબજે કરાયેલ છે, તે વચગાળાની કસ્ટડીએ કેસના આખરી ચુકાદાને આધીન અરજદારને પરત સોંપવાનો હુકમ કરવામાં આવે છે.

**<u>શ ર તો ::–</u>**

(૧) અરજદારે મુદ્દામાલ વાહન નામદાર કોર્ટ જયાં અને જયારે ફરમાવે ત્યારે અને ત્યાં રજુ કરવાનું રહેશે.

(૨) અરજદારે મુદ્દામાલ વાહનની સંભાળ લેવી અને તેના સ્વરૂપમાં કોઈ ફેરફાર કરવો નહિ.

(૩) સદરહુ મુદ્દામાલ વાહનનો ઉપયોગ ફરીથી આવા ગુનાહિત કૃત્યમાં કરવો નહિ અને જો સદરહું મુદ્દામાલ વાહન જો ફરીથી દારૂના ગુન્હામાં ઉપયોગ થાશે તો સદરહું વાહન સરકાર ખાલસા કરવામાં આવેશે.

(૪) મુદ્દામાલ વાહન કેસના આખરી નિકાલ સુધી કોઈને વેચાણ, ગીરો કે બક્ષીસ આપવુ નહિ કે કોઈપણ રીતે તબદીલ કરવુ નહી.

(૫) આ હુકમની એક નકલ સબંધિત આર.ટી.ઓ. કચેરીને મોકલવી.

(૬) હુકમ અનુસાર મુદ્દામાલ વાહન પરત સોંપતી વખતે જવાબદાર પોલીસ અધિકારીશ્રીએ સદરહું મુદ્દામાલ વાહનના નંબર દેખાય તે રીતેના ચારે તરફના ફોટોગ્રાફસ અરજદારના ખર્ચે પડાવી હુકમ અનુસાર મુદ્દામાલ પરત સોંપવા અંગેનુ વિગતવારનું પંચનામુ કરી અરજદારની ઓળખાણની ખાતરી કરી તેની માલિકી અંગે ખરાઈ અને ખાતરી કર્યા બાદ જ પરત સોંપવુ અને તેનો વિગતવારનો રીપોર્ટ અત્રેની કોર્ટને વાહન સોપ્યાના દિન– ૧૫ માં કરવો.

(૭) **ત.ક.અ.શ્રીએ સરદહું મુદ્દામાલ વાહન છોડતી વખતે અરજદાર/આરોપીનાઓએ સદરહું મુદ્દામાલ વાહન ચલાવતી વખતે મોટર વ્હિકલ એકટ,૧૯૮૮ અન્વયે કોઇ ગુનો કરેલ હોય, તો મુદ્દામાલ વાહન છોડતા પહેલા તે મુજબના ગુના સબબની યોગ્ય તે કાર્યવાહી કરવી અને તે બાબતનો રીપોર્ટ અત્રેની કચેરીને કરવો.**

ઉપરોકત શરતોનું અરજદારે ચૂસ્તપણે પાલન કરવાનુ રહેશે, અને તે પૈકી કોઈપણ શરતનો ભંગ થયેથી આ હુકમ આપોઆપ રદ્દ થયેલો ગણાશે અને તપાસ કરનાર અમલદાર કે અધિકૃત પોલીસ અધિકારીએ તેનો તાત્કાલિક કબજો લેવાનો રહેશે.

હુકમ આજરોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

| | |
|---|---|
| સ્થળ : મોડાસા. | **( પુષ્પેન્દ્રસિંહ રાઠૌડ )** |
| તારીખ :૧૬/૦૭/૨૦૨૬ | ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ, મોડાસા. |
| S.J.RATHOD,PA | **કોડ નં. જી.જે. ૦૧૧૩૪** |